# ૪ લાલજીને ખાઈ ગઈ બાજરી

T6V6T1

## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

એન ઘેન દીવા ઘેન
આભમાં ઊડે સુપરમૅન
સાથે રમતા નિકી નરેન
બક અપ કરો ઢેન ટેડેન... !





લઈને દફતર પાટીપેન
સ્કૂલે આવ્યો સ્પાઇડરમૅન
ભણવા બેઠો છાપરે
છોકરાં બોલ્યાં ''બાપ રે...!''

પીને આખું દૂધનું કેન
ઝાડ પર ચડ્યો ફેટમૅન
ઝાડ તૂટ્યું ટરરર...ટા
હસો છોકરા હા.. હા.. હા.. !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૨. જુઓ અને કહો :

- વિદ્યાર્થીઓને બે-બેની જોડીમાં ચિત્રનું વર્ણન કરવા કહો. તેમને પૂછો કે આ ચિત્રમાં શું શું જોઈને હસવું આવે છે ? ત્યારબાદ ચિત્રમાં એવા ફેરફાર કરવા કહો. જેનાથી વધુ હસવું આવે અને ફરી એ ફેરફાર સાથે ચિત્રવર્ણન કરાવો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩. વાર્તા :

### લાલિયો ક્યાં ગયો ?

એક નાનકડું ગામ. ગામમાં સોમાભાઈ નામના ખેડૂત રહે. તેમની પાસે બે બળદ. એકનું નામ કાળિયો અને બીજાનું નામ લાલિયો. બંને બળદ એમને ખૂબ વહાલા.

માર્ચ મહિનો આવ્યો. બાજરી વાવવાનો સમય થયો. વાવણી માટે પહેલાં ખેતર ખેડવું પડે. સોમાભાઈ બંને બળદ લઈને ખેતર ખેડવા ગયા. અડધું ખેતર ખેડ્યું અને બપોર થઈ. રેવાબેન ભાતું આપી ગયા. સોમાભાઈ ખાઈને આરામ કરવા સૂતા.



જાગીને જોયું તો બે બળદમાંથી એક બળદ ગાયબ ! ખેતરમાં કાળિયો તો હતો પણ લાલિયો ન હતો. સોમાભાઈએ લાલિયાને ખેતરમાં ઘણું શોધ્યો. લાલિયા... એ લાલિયા... લાલજી... ક્યાં છે તું ? પણ તે ક્યાંય ન જડ્યો.

૩૮ ૩૮ ૩૮

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● વાર્તા અટકાવી આ પ્રશ્ન પૂછી વિદ્યાર્થીઓને અટકળ લગાવવા કહો.

**(લાલિયો ક્યાં ગયો હશે ?)**

સોમાભાઈએ બાજરી વાવતી વખતે પણ લાલિયાને શોધ્યો પણ લાલિયો ક્યાંય ન જડ્યો. બાજરી ઊગીને મોટી થઈ. સોમાભાઈ તો રોજ ખેતરે આવે, બાજરી જોઈને હરખાય અને આખા ખેતરમાં ફરી ફરીને જુએ, ‘ક્યાંક મારો લાલિયો નજરે પડે !’ પણ લાલિયો ન જડ્યો.

**(તમને શું લાગે છે, લાલિયો ક્યાંથી મળશે ?)**

બાજરી પાકી ગઈ. સોમાભાઈએ બાજરીનાં ડૂંડાં કાપતાં કાપતાં લાલિયાને શોધ્યો. લાલિયો ન મળ્યો. ડૂંડાંમાંથી બાજરીના દાણા છૂટા પાડ્યા, ચાળણીથી ચાળ્યા, તગારાંમાં ભર્યાં, કોથળા ભરીને ઘરે લાવ્યા. પણ લાલિયો ન જડ્યો તે ન જ જડ્યો !

કોથળામાંથી બાજરી કાઢી, ફરીથી સાફ કરીને ઘંટીમાં દળી, રોટલા બનાવતાં પહેલાં બાજરીનો લોટ ચાળણીથી ચાળી જોયો. તોય લાલિયો ન જડ્યો તે ન જ જડ્યો.

સોમાભાઈને તો સતત લાલિયાના જ વિચાર આવ્યા કરે. મારો લાલિયો ક્યાં ગયો હશે ને શું કરતો હશે? ઘરના બીજા સભ્યો પણ લાલિયાની ચિંતા કરતા હતા.

નવી બાજરીના પહેલા રોટલા તૈયાર થયા. સરસ મજાના ગરમાગરમ મોટા મોટા રોટલા ! સૌ સાથે જમવા બેઠાં.

**(તમને લાગે છે કે લાલિયો મળશે ?)**

રેવાબહેને સૌની થાળીમાં એક એક રોટલો મૂક્યો. સોમાભાઈની દીકરી સપનાને રોટલાની પોપડી બહુ ભાવે. તેણે હળવેકથી પોપડી ખોલી અને એકાએક મોટેથી ચીસ પાડી : ‘બાપુઉઉઉ..... આપણો લાલિયોઓઓ....!’ સોમાભાઈએ તો પોતાની થાળી ધકેલીને કૂદકો માર્યો ને પોપડી નીચે જોયું તો લાલિયો નિરાંતે બેઠો બેઠો વાગોળતો હતો !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



સોમાભાઈ તો નાચવા માંડ્યા : 'મળી ગયો.. મળી ગયો.. મારો વહાલો લાલિયો મળી ગયો..! મારો લાલજી મળી ગયો...!'

## ૪. વાતચીત :

નીચે જેવા પ્રશ્નો પૂછો.

૧. સોમાભાઈ શું કામ કરતા હતા ?
૨. લાલિયો ક્યાંથી ખોવાયો ?
૩. લાલિયો ક્યાંથી મળ્યો ?
૪. સોમાભાઈ ક્યારે સૌથી વધુ ખુશ થયા ?
૫. તમને આ વાર્તામાં સૌથી વધુ શું ગમ્યું ?
૬. કહો : પહેલાં શું, પછી શું ?

- કોથળા ભર્યા — ડૂંડામાંથી દાણા છૂટા પાડ્યાં
- તગારાં ભર્યાં — ચાળણીથી ચાળ્યા
- લાલિયો મળ્યો — લાલિયો ખોવાયો
- બાજરી વાવી — ખેતર ખેડ્યું



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૫. ખરું હોય તો બે તાળી પાડો, ખોટું હોય તો બે હાથ ઊંચા કરો :

૧. સોમાભાઈ પાસે ધોળિયો અને લાલિયો એવા બે બળદ હતા.

૨. લાલિયો સોમાભાઈને લઈ ખેતર ખેડવા ગયો.

૩. સોમાભાઈ સૂતા હતા ત્યારે કાળિયો ગૂમ થઈ ગયો.

૪. બાજરી ઉગેલી જોઈ બંને બળદ ખુશ થઈ ગયા.

૫. લાલિયાને શોધવા માટે લોટ ચાલ્યો.

૬. રોટલામાંથી બળદ મળ્યો.

## ૬. વાક્યોમાંથી ઝ હ ળ ઘ શોધીને તેની પર ● કરી ઢાંકી દો.

૧. ખેતરમાં ચાર ●ાડ ●તાં.

૨. ઘરની આસપાસ હરણાં ચરતાં હતાં.

૩. સપના રેવાબહેનની દીકરી હતી.

૪. બળદ ઝડપથી ના ચાલે, બળદ હળવે હળવે ચાલે.

૫. રેવાબહેન કહે, લાલિયાને વાઘ ઘસડે ?

ઉપરનાં વાક્યો મોટેથી વંચાવો.

### ગાઓ :


ઊંચા ઊંચા ડુંગર ચડશું
ઊંડી ઊંડી ખીણ ઉતરશું
વ્હેતા જળમાં ન્હાશું તરશું
હરિયાળીમાં હરશું ફરશું

સૌથી પહેલો ઊઠી જાતો
સૂરજનો છડીદાર
તેને સૂણી ખબર પડે કે
આવી ગઈ સવાર.

૪૧ ૪૧ ૪૧

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૭. ત્રણ વખત આંગળી ફેરવો :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **ચાલો, ગાઈએ ગીતડું :** એન ઘેન દીવા ઘેન

## ૮. જુઓ અને લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ઝ | ઝ | | ઝ |
| | | | | | |
| ડ | ઙ | | ઙ | | ઙ |
| | | | | | |
| | દ | ઘ | ઘ | | ઘ |
| | | | | | |
| | | | ળ | | ળ |
| | | | | | |
| | ૩ | | ૩ | | ૩ |
| | | | | | |
| | ૩ | ઊ | ઊ | | ઊ |
| | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૯. વાંચો અને લખો :

મારા માસા અને માસી વેરાવળમાં રહે છે. આ ઉનાળાની રજામાં અમે એમના ઘરે હતા. નાના અને નાની પણ અમારી સાથે હતાં. માસીએ અમને સુખડી આપી. માસા સાથે અમે દરિયે રઝળપાટ કરી.

મારા

## ૧૦. વાંચો :

૧.  (હરણ) વનમાં રહે છે.


૨. પેલા  (નળ) નીચે તપેલી મૂક.

૩.  (ખેડૂત)  (હળ) વડે ખેતર ખેડે છે.

૪.  (ઉંદર) એટલે માઉસ.

૫. બિલાડી આ  (માઉસ) ખાતી નથી.

૬.  (ઊંટ)ને રણમાં ચાલવાની મજા પડે છે.

૭.  (વાઘ) અને  (હાથી) વનમાં રહે છે.

૮. સિમરન  (ઝાડ) નીચે બેસી ખાતી હતી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧. ચિત્ર સાથે કૌંસમાં આપેલા શબ્દો લખો.

૧. હરણ

૨.

૩.

૪.

૫.

૬.

૭.

૮.

૯.

૧૦.

- **ચાલો, ગાઈએ ગીતડું :** એન ઘેન દીવા ઘેન

## ૧૨. સાંભળો અને છેકો :

અત્યાર સુધીમાં આવેલા કોઈ પણ આઠ મૂળાક્ષરો એક પછી એક મોટેથી બોલો. વિદ્યાર્થીઓને તે મૂળાક્ષર નીચેનાં વાક્યોમાંથી છેકી નાંખવા કહો. પૂરતો સમય આપો.

૧. ટીચર કહે વહ સુન, સુનકર વૈસે હી કર.
૨. બળદ કરતાં હરણ વધુ ઝડપથી દોડે છે.
૩. અજગર ઊડે નહીં, પણ ઝાડ પર ઊંચે ચડે છે.
૪. ગુજરાતી અઘરું નથી, તે ખૂબ સહેલું છે.
૫. હવે મને ગુજરાતીમાં ગસતચ, નવપલ, અજખઝ અને ડળહણ એમ બધું વાંચતાં આવડે છે.

૪૫ ૪૫ ૪૫

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૩. ગાઓ :

દોઢ ફૂટની દાઢી ને ચાર ફૂટની ચોટલી
ગધ્ધા ઉપર બેસે ડોસો માથે મૂકી પોટલી
ઠસક ઠસક જાય
ફસક ફસક થાય
ચોટલીના ઝૂલામાં બેસી,
પંખી ગીતો ગાય !
ચોટલી ઊડે ફરરર ફરરર
દાઢી ઊડે સરરર સરરર
ગધ્ધાની પૂંછડી ટૂંકી ટચ્ચ
ટાઢે ધ્રૂજે થરરર થરરર



## ૧૪. વાતચીત :


| | |
|---|---|
| ૧. દાઢી લાંબી છે કે ચોટલી ? | ૬. પંખીને શાની મજા આવે છે ? |
| ૨. પોટલી ક્યાં છે ? | ૭. ગધ્ધાને ઠંડી કેમ લાગે છે ? |
| ૩. દફતર માથા પર મૂકી ઠસક ઠસક ચાલો. | ૮. 'થરર થર' ધ્રૂજી બતાવો. |
| ૪. ઝૂલો ક્યાં છે ? | ૯. ટાઢથી ધ્રૂજતા અવાજે આ ગીત ફરીથી ગાઓ. |
| ૫. પંખી શું કરે છે ? | ૧૦. ફરર ફર - જેવા બીજા અવાજ કાઢો. |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૫. દોરો :

આપેલા ચિત્રમાં દાઢી અને ચોટલી દોરવા કહો.



## ૧૬. સુધારીને ફરી લખો :

૧. પિતાના ભાઈને મામા કહેવાય.

૨. મારી માતા પાણીમાં પૂરી તળે છે.

૩. સિંહને મારી ઘણી બીક લાગે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. ભાઈ માથા ઉપર બૂટ પહેરે છે.

૫. આ બધું વાંચીને મને ખૂબ રડવું આવે છે.

## ૧૭. રમો : કક્કા જાસૂસ

બાળકોને 'લાલિયો ક્યાં ગયો ?' વાર્તામાંથી કક્કા જાસૂસ રમત રમાડો.

| અક્ષર | ______ | ______ | ______ | ______ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

## ૧૮. રમત : ભિલ્લુ જાસૂસ

વર્ગમાં જેટલા વિદ્યાર્થીઓ હોય તેની અડધી સંખ્યામાં એક અક્ષર ખાલી હોય તેવી અને તે શબ્દ પૂરો કરવા જરૂરી અક્ષરની ચિઠ્ઠીઓ બનાવો.

જેમ કે : ત્રીસ વિદ્યાર્થીઓ હોય તો, પંદર વિદ્યાર્થીઓ માટે [જિરા___], [વિ___ન] એવા ખાલી જગ્યાવાળા શબ્દોની અને બાકીના પંદર વિદ્યાર્થીઓ માટે [ફ], [મા] જેવા શબ્દોને પૂરા કરવા માટે જરૂરી અક્ષરોની ચિઠ્ઠીઓ બનાવવી.

વર્ગમાં દરેક વિદ્યાર્થીને આડાઅવળા ક્રમમાં એક એક ચિઠ્ઠી આપી દો. સૌને કહો કે ઊભા થઈ એવો જોડીદાર શોધે કે જેનાથી તેનો શબ્દ પૂરો થાય. તે શબ્દ તેઓ બંને નોટબુકમાં લખે અને તમને બતાવે. તે મુજબ તમે જોડીઓને ક્રમ આપતા જાઓ.

- **ચાલો, ગાઈએ ગીતડું :** એન ઘેન દીવા ઘેન



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in